# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 09-08-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી

સમાચાર યશવી મહેતા વાંચે છે.

---

- ✓ કેન્દ્રીય વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર આજથી ત્રણ દિવસના મલેશિયા પ્રવાસે જશે
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ન્યૂઝીલેન્ડના ઑકલેન્ડમાં ભારતીય સમુદાયના લોકો સાથે સંવાદ કર્યો
- ✓ દેશભરમાં ‘હર ઘર તિરંગા ઝુંબેશ’નો પ્રારંભ, દેશભરમાં 200થી વધુ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે
- ✓ દિલ્હી આબકારી નીતિમાં કૌભાંડ કેસમાં મનિષ સિસોદિયાને જામીન પર મુક્ત કરવાનો સર્વોચ્ચ અદાલતનો આદેશ
- ✓ નિરજ ચોપરાને રજત ચંદ્રક તેમજ ભારતીય હૉકી ટીમને કાંસ્ય ચંદ્રક જીતવા બદલ લોકસભાએ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, હૉકી ઇન્ડિયાએ પ્રત્યેક ખેલાડીને 15 લાખના ઇનામની જાહેરાત કરી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

***S JAYSHANKAR***

કેન્દ્રીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી માલદીવના ત્રણ દિવસીય પ્રવાસે રવાના થશે. આ મુલાકાતનો હેતુ બંને દેશો વચ્ચે ઘનિષ્ઠ ભાગીદારીને મજબૂત બનાવવાનો તેમજ દ્વિપક્ષીય સંબંધો માટેના નવા અવસર ઉભા કરવાનો છે. જૂનમાં નવા મંત્રીમંડળના શપથગ્રહણ માટે માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુની ભારત યાત્રા બાદ વિદેશ મંત્રી આ પ્રવાસ કરી રહ્યા છે. માલદીવ ભારતનો સમુદ્રી પાડોશી દેશ છે, જે હિન્દ મહાસાગારમાં રાજદ્વારી મહત્વ ધરાવે છે.

## *LS JAISHANKAR RUSSIA*

કેન્દ્રીય વિદેશ મંત્રી એસ જયશંકેરે જણાવ્યું છે કે રશિયન સૈન્યમાં ભારતીયોની ભરતીની 91 જેટલી ઘટનાઓ સામે આવી છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન આપેલા જવાબમાં વિદેશ મંત્રીએ જણાવ્યું કે, આવી ઘટનાઓમાં દુર્ભાગ્યવશ 8ના મોત થયા છે, જ્યારે 40 જેટલા ભારતીયોનો ફરજ મુક્ત કરાયા છે, હજી 69 જેટલા ભારતીયો ફરજ મુક્ત થવાની રાહ જોઈ રહ્યા છે.

શ્રી જયશંકરે જણાવ્યું ભારતે આ મુદ્દો ગંભીરતા પૂર્વક લીધો છે અને આ વિશે ઘણીવાર રશિયા સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે રશિય વહીવટીતંત્રની દલીલ છે કે આ ભારતીયો રશિયન સૈન્ય સાથે કરાર કરીને જોડાયા હતા. જોકે એવા અનેક કેસો છે જેમાં નાગરિકોને ગેરમાર્ગે દોરીને રશિયન સૈન્યમાં ભર્તી કરાયા હોવાનું પણ સામે આવ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું કે કેન્દ્ર તપાસ પંચે માનવ તસ્કરીના મજબૂત પુરવા મળ્યા હોય તેવી ઘટનાઓમાં 19 જેટલા લોકો સામે ફરિયાદ દાખલ કરાઈ છે.

## *PRESIDENT _ NEW ZEALAND*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ન્યૂઝીલેન્ડના ઑકલેન્ડમાં આયોજીત સામુદાયિક કાર્યક્રમમાં પ્રવાસી ભારતીયો સાથે સંવાદ કર્યો હતો. ન્યૂઝીલેન્ડમાં અંદાજે ત્રણ લાખ ભારતીયો વસે છે. જેઓ ન્યૂઝીલેન્ડ અને ભારત વચ્ચેના જોડાણને મજબૂત બનાવે છે.

આ પૂર્વે રાષ્ટ્રપતિ મુર્મુ માટે રાજકીય ભોજનનું આયોજન કરાયું હતું, આ પ્રસંગે શ્રી મુર્મુએ બંને દેશોના રાજદ્વારી સંબંધોને મજબૂત બનાવવા ઑકલેન્ડમાં વાણિજ્યિક દૂતાવાસ ખોલવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

## *REV. PM-QUIT INDIA*

આજે ભારત છોડો આંદોલનની વર્ષગાંઠ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ચળવળમાં ભાગ લેનાર લોકોને શ્રદ્ધાંજલિ આપી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ ભારત છોડો ચળવળને સ્વતંત્રતા સંગ્રામની અમૂલ્ય ક્ષણ ગણાવી હતી. આ પ્રસંગે વિડિયો સંદેશ દ્વારા વિચારો રજૂ કરતા શ્રી મોદીએ સંસ્થાનવાદી શાસનથી ભારતની આઝાદીની લડતમાં ચળવળની મહત્વપૂર્ણ ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત છોડો આંદોલનને કારણે, દેશનો વર્તમાન સામૂહિક અવાજ, ભ્રષ્ટાચાર, વંશવાદી રાજકારણ અને તુષ્ટિકરણથી મુક્ત રાષ્ટ્રની હિમાયત કરે છે.

અન્ય એક સંદેશમાં, પ્રધાનમંત્રીએ લોકોને હર ઘર તિરંગા ઝુંબેશને ફરી એકવાર યાદગાર જન આંદોલન બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

## *PM MODI WAYANAD*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ભૂસ્ખલન પ્રભાવિત વાયનાડની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી વાયનાડમાં ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરશે.

દરમિયાન કેરળ અને કર્ણાટકની લશ્કરી ટુકડીઓના લગભગ પાચસો જેટલા જવાનો વાયનાડથી પરત ફર્યા છે. નવનિર્મિત બેલી બ્રીજને મજબૂત બનાવવા માટે એક નાની ટુકડી અને હેલિકોપ્ટર તપાસ ટુકડી હજી કેટલાક દિવસ વાયનાડ રોકાશે.

## *BJP-HAR GHAR TIRANGA*

દેશભરમાં 'હર ઘર તિરંગા ઝુંબેશ'નો પ્રારંભ, દેશભરમાં 200થી વધુ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

સાંસ્કૃતિક મંત્રાલયે દેશના નાગરિકોને પોત-પોતાના ઘર ઉપર તિરંગો લહેરાવવા, તેમજ તિરંગા સાથે સેલ્ફી લઈને હર ઘર તિરંગા વેબસાઇટ પર અપલોડ કરવા અપીલ કરી છે.

આ અભિયાન અંતર્ગત ભારતીય જનતા પાર્ટી 11 થી 13 ઓગસ્ટ સુધી દરેક વિધાનસભા મતવિસ્તારમાં તિરંગા યાત્રા કાર્યક્રમો યોજશે. એક નિવેદનમાં, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગે માહિતી આપી હતી કે 12 થી 14 ઓગસ્ટ સુધી દેશભરમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને યુદ્ધ સ્મારકોને પુષ્પાંજલિ અને માળા અર્પણ કરવામાં આવશે. તેમણે કહ્યું કે 14મી ઓગસ્ટે મૌન કૂચ સહિત તમામ જિલ્લામાં ભાગલા સ્મૃતિ દિવસ મનાવવામાં આવશે. શ્રી ચુગે ઉમેર્યું હતું કે 13મીથી 15મી ઓગસ્ટ દરમિયાન સમગ્ર દેશને કેસરી, સફેદ અને લીલા રંગના સમુદ્રમાં ફેરવતા તમામ ઘરો અને ઓફિસમાં તિરંગા ફરકાવવામાં આવશે.

## *SISODIA BAIL-SC (EARLY)*

સર્વોચ્ચ અદાલતે દિલ્હી આબકારી નીતિમાં કથિત મનિલૉન્ડરિંગ કૌભાંડ કેસમાં આમ આદમી પાર્ટીના નેતા મનિષ સિસોદિયાને જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. સર્વોચ્ચ અદાલતે એક ચુકાદામાં જણાવ્યું કે સિસોદિયા 17 મહિનાથી કસ્ટડીમાં છે, છતાં સુનાવણી શરૂ નથી થઈ. આ તેમને ઝડપી સુનાવણીના અધિકારથી વંચિત રાખે છે. અદાલતે આ આધાર પર તેમને ઈડી અને સીબીઆઈ બંને કેસોમાં જામીન આપ્યા હતા.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

## *LS OLYMPICS*

લોકસભાની કાર્યવાહી શરૂ થતા ગૃહમાં નિરજ ચોપરાને રજત ચંદ્રક જીત બદલ તેમજ ભારતીય ટીમને કાંસ્ય ચંદ્રક જીતવા બદલ શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું છે કે આ ઐતિહાસિક જીતથી યુવાનોને જરૂર પ્રેરણા મળશે. ભારત છોડો આંદોલનની વર્ષગાંઠ પ્રસંગે ગૃહમાં મહાત્મા ગાંધી અને સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવી.

## *NEERAJ CHOPARA*

પેરિસ ઑલિમ્પિકમાં નીરજ ચોપરાએ ગઈ રાતે પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં 86.45 મીટર સાથે સર્વશ્રેષ્ઠ થ્રો નોંધાવ્યો હતો. પાકિસ્તાનના અરશદ નદીમે 92.97 મીટર થ્રો સાથે અગાઉનો 90.57 મીટરનો ઓલિમ્પિક રેકોર્ડ તોડીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના નેતાઓએ જીત બદલ નીરજ ચોપરાને શુભેચ્છા પાઠવી હતી.

## *HOCKEY INDIA*

હરમનપ્રિત સિંહના નેતૃત્વમાં ભારતીય હૉકી ટીમે સ્પેનને 2-1થી હરાવીને ઐતિહાસિક મેચમાં 52 વર્ષ બાદ કાંસ્ય ચંદ્રક જીત્યો છે. 1972માં મ્યુનિક રમતો બાદ પહેલીવાર ભારતે સતત 2 વખત ઓલિમ્પિક મેડલ જીતવાની સિદ્ધિ હાંસલ કરી છે. હૉકી ઇન્ડિયાએ 2024માં પેરિસ ઑલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ પુરુષ હૉકી ટીમના પ્રત્યેક ખેલાડીને 15 લાખ રૂપિયા, જ્યારે સહયોગી સ્ટાફના પ્રત્યેક સભ્યને 7.5 લાખ રૂપિયાનું રોકડ ઇનામની જાહેરાત કરી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય હોકી ટીમને આ જીત બદલ અભિનંદન પાઠવ્યા છે.

## *BANGLADESH*

નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યૂનુસે બાંગ્લાદેશની વચગાળાની સરકારના પ્રમુખ તરીકે શપથ ગ્રહણ કર્યા છે. બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મહોમ્મદ શહાબુદ્દીને ગઈકાલે ઢાકાના બંગ ભવનમાં તેમને શપથ અપાવ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહોમ્મદ યૂનુસને આ નવી જવાબદારી માટે શુભેચ્છા પાઠવી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય તમામ અલ્પસંખ્યક સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરતા ટૂંક સમયમાં સ્થિતિ સામાન્ય થાય તેવી આશા વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે લખ્યું છે ભારત શાંતિ, સુરક્ષા અને વિકાસ માટે બંને દેશોની સંયુક્ત અપેક્ષાઓને પૂર્ણ કરવાની દિશામાં બાંગ્લાદેશ સાથે મળીને કામ કરવા પ્રતિબદ્ધ છે.

## *IMD-WEATHER*

હવામાન વિભાગે આગામી સાત દિવસોમાં દેશના વિવિધ વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગ અનુસાર ઉત્તર પૂર્વીય અને પશ્ચિમ હિમાલય વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડી શકે છે. તો પૂર્વીય રાજ્યોમાં પણ આગામી ત્રણથી ચાર દિવસમાં સમાન સ્થિતિ રહી શકે છે.

ઉપરાંત પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, સિક્કીમ, ઝારખંડ, આસામ, મેઘાલય, બિહાર, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ, ત્રિપુરા, ઓડિશા, કોંકણ, તમિલનાડુ, પુડુચેરી, કોડાઈકેનાલ, કેરળ, માહે, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ રાજસ્થાન, હરિયાણા ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, પંજાબ, જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ બાલ્ટીસ્તાન, મુઝફ્ફરાબાદ સહિતના વિસ્તારોમાં 14 ઑગસ્ટ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

## *CEC JAMMU KASHMIR VISIT - UPDATED*

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મૂ કાશ્મીરમાં ટૂંક સમયમાં યોજનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના વડપણ હેઠળ ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ડૉ એસ. એસ સંધુ જમ્મૂ કાશ્મીરની મુલાકાતે છે. આજે તેઓ મુખ્ય સચિવ અને

પોલીસ મહાનિદેશક સાથે બેઠક કરશે. જે બાદ તેઓ અમલીકરણ એજન્સીઓ સાથે સમીક્ષા માટે જમ્મુ જશે અને ઉપરાંત આ વિશે પત્રકારો સાથે વાત કરશે.

## *MOST WANTED TERRERIST*

દિલ્લી પોલીસને ISISના મોસ્ટ વોન્ટેડ આતંકી રિઝવાન અબ્દુલની ધરપકડ કરવામાં મોટી સફળતા મળી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તે દિલ્હીના દરિયાગંજનો રહેવાસી છે. તપાસ એજન્સી NIAએ પણ આ આતંકીને 3 લાખ રૂપિયાના ઈનામ સાથે મોસ્ટ વોન્ટેડ જાહેર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, NIAના હિટ લિસ્ટમાં રિઝવાન સહિત કુલ ચાર આતંકીઓ હતા.